॥૧॥ સ્વામી વસો પુષ્ખરવરેં, જંબુ ભરતેં દાસ લાલ રે ॥ ક્ષેત્ર વિભેદ ઘણો પડયો, કિમ પોહોંચે ઉલ્લાસ લાલ રે ॥ દેવ૦ ॥૨॥ હોવત જો તનુ પાંખડી; તો આવત નાથ હજૂર લાલરે ॥ જો હોવત ચિત્ત આંખડી, દેખત પ્રભુ નિત્ય નૂર લાલરે ॥ ॥ દેવ૦॥ ૩॥ શાસન ભકત જે સુરવરા, વિનવું શીશ નમાય લાલરે ॥ કૃપા કરો મુઝ ઉપરેં, તો જિન વંદન થાય લાલરે ॥ દેવ૦ ॥૪॥ પૂછું પુર્વ વિરાધના, શી કીધી એણેં જીવ લાલરે ॥ અવિરતિ મોહ ટલી નહિં, દીઠે આગમ દીવ લાલરે ॥ દેવ૦ ॥ પ॥ આતમ તત્વ સ્વભાવનેં, બોધન શોધન કાજ લાલ રે રત્નત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ લાલરે ॥ ॥ દેવ૦ ॥૬॥ તુઝ સરિખો સાહિબ મિલે, ભાંજે ભવ ભ્રમટેવ લાલરે ॥ પુષ્ટ લંબન પ્રભુ લહે, કોણ કરે પરસેવ લાલ રે ॥ દેવ૦ ॥૭॥ દીન દયાલ કૃપાલ તું, નાથ ભવિક આધાર લાલ રે ॥ દેવચંદ્રની સેવના, પરમા મૃત સુખકાર લાલરે ॥ દેવ૦ ॥૮॥ ઇતિ ॥ અઢારમા શ્રી દેવજસા સ્તવન ॥૭૯॥

॥ अथ वीशेविहरमाननुं स्तवन ॥

॥ રાગ રામકલી ॥ સીમંધર યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ જંબુદ્વીપ વિદેહે વિચરે, કેવલ કમલા નાહુરે ॥૧॥ ભવિકા વિહર માન જિન વંદો ॥ આતિમ પાપ નિકંદોરે ॥

॥ ભ૦ ॥ એ આંકણી ॥ સુજાત સ્વયંપ્રભ રિષભાનન, અનંત વીરજ ચિત્ત ધરીએં ॥ સુરપ્રભ શ્રી વિશાલ વિજૂંધર, ચંદ્રાનન ધાતકીએંરે ॥ ભવિ૦ ॥૨॥ ચંદ્રબાહુ ભુજંગનેં ઇશ્વર, નેમિનાથ વિરસેન ॥ દેવજશ ચંદ્રજશા જીત વીરય, પુખ્ખર ધ્વીપ પ્રસન્નરે ॥ ભ૦ ॥૩॥ આઠમી નવમી ચોવીશ પચવીશમી, વિદેહેં વિજય જયવંતા ॥ દશ લાખ કેવલી શોકોડ સાધુ, પરિવારેં ગહગહંતારે ॥ભ૦ ॥૪॥ ધનુખ પાંચશેં ઊંચી શોહે, સોવન વરણી કાયા ॥ દોષ રહિત સુર મહિ મહીતલ, વિચરે પાવન પાયારે ॥ ભ૦ ॥૫॥ ચોરાશી લાખ પૂરવ જિન જીવત, ચોત્રીશ અતિશય ધારી ॥ સમવસરણ બેઠા પરમેશ્વર, પડી બોહે નર નારી રે ॥ ભ૦ ॥૬॥ ખીમા વિજય જિન કરૂણા સાગર, આપ તર્યા પરને તારે ॥ ધર્મનાયક શિવ મારગ દાયક, જન્મ જરા દુઃખ વારેરે ॥ ભ૦ ॥૭॥ ઇતિ ॥૮૦॥

॥ अथ श्री सिद्धाचलजीनुं प्रथम स्तवन ॥

આંખડીએંરે મેં આજ, શેત્રુંજો દીઠોરે ॥ સવા લાખ ટકાનો દાહાડોરે, લાગે મને મીઠોરે ॥ એ આંકણી ॥ સફલ થયો મારા મનનો ઉમાહો ॥ વાલા મારા ॥ ભવનો સંશય ભાગ્યો રે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીનેં લાગ્યોરે ॥ શેત્રું૦ ॥૧॥ માનવ ભવનો લાહો લીજેં ॥ વા૦ ॥ દેહડી

પાવન કીજેંરે ॥ સોના રૂપાનેં ફૂલડે વધાવી, પ્રેમેં પ્રદક્ષણા દીજેંરે ॥ શેત્રું० ॥૨॥ દુધડે પખાલી નેં કેસર ઘોલી ॥ વા० ॥ શ્રી આદીશ્વર પુજ્યા રે ॥ શ્રી સિદ્ધાચલ નયણેં જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે ॥ શેત્રું० ॥૩॥ શ્રી મુખ સુધર્મા સુરપતિ આગેં ॥ વા० ॥ વીરજિણંદ ઇમ બોલેરે ॥ ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિં કોઈ શેત્રુંજા તોલેરે ॥ શેત્રું० ॥૪॥ ઇંદ્ર સરિખા એ તીરથની ॥ વા० ॥ ચાકરી ચિત્તમાં ચાહેરે ॥ કાયાની તો કાશ્મર કાઢી, સુરજ કુંડમાં નાહેરે ॥ શેત્રું० ॥૫॥ કાંકરે કાંકરે શ્રી સિદ્ધ ષેત્રેં ॥ વા० ॥ સાધુ અનંતા સિદ્ધારે ॥ તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધારે ॥ શેત્રું० ॥૬॥ નાભિરાયા સુત નજરેં જોતાં ॥ વા० ॥ મેહ અમીરસ વૂઠયારે ॥ ઉદય રતન કહે આજ મારે પોતેં, શ્રી આદીશ્વર તૂઠયારે ॥ શેત્રું० ॥૭॥ ઇતિ પ્રથમ સ્તવનં ॥

॥ अथ द्वितीय स्तवन ॥

॥ જશોદા માવડી એ દેશી ॥

॥ જાત્રા નવાણું કરીએં વિમલ ગિરિ ॥ જાત્રા નવાણું કરીએં ॥ એ આંકણી ॥ પૂરવ નવાણું વાર શેત્રુંજગિરિ ॥ રીખભ જિણંદ સમોસરીએં ॥ વિ० ॥૧॥ કોડ સહસ ભવ પાતિક ત્રૂટે ॥ શેત્રુંજ સાહામાં ડગ ભરીએં ॥ વિ० ॥૨॥ સાત

છઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએં ગિરિવરીએં ॥ વિ० ॥૩॥ પુંડરિક પદ જપીએં હરખેં, અધ્યવસાય શુભ ધરીએં ॥ વિ० ॥ ॥૪॥ પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએં ॥ વિ० ॥૫॥ ભુઈ સંથારો ને નારી તણો સંગ, દૂરથકી પરહરીએં ॥ વિ० ॥૬॥ સચિત પરિહારીનેં એકલ આહારી, ગુરૂ સાથેં પદ વરીએં ॥ વિ० ॥૭॥ પડિક્કમણા દોય વિધિશું કરીએં, પાપ પડલ વિખરીએં ॥ વિ० ॥૮॥ કલિકાલેં એ તીરથ મોટું, પવહરણ જિમભવ દરીએ ॥ વિ० ॥૯॥ ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએં ॥ વિમલ० ॥૧૦॥ ॥ ઇતિ ॥૮૨॥

॥ अथ तृताय स्तवन ॥

॥ ચાલો ચાલોરે રાજ, શ્રી સિદ્ધાચળ ॥ જઇએં ॥ એ આંકણી ॥ શ્રી વિમલાચલ તીરથ ફરસી ॥ આતમ પાવન કરીએં ॥ ચાલો० ॥૧॥ ઇણગિરિ ઊપર મુનિવર કોડિ, આતમતત્વ નિપાયો ॥ પુર્ણાનંદ સહજ અનુભવ રસ, માહાનંદ પદ પાયો ॥ ચાલો० ॥ ૨ ॥ પુંડરિક પમુહા મુનિવર કોડિ, સકલ વિભાગ ગમાયો ॥ ભેદાભેદ તત્વ પરિણતિથી, ધ્યાન અભેદ ઉપાયો ॥ ચાલો० ॥૩॥ જિનવર ગણધર મુનિવર કોડિ, એ તીરથ રંગ રાતાં ॥ શુદ્ધ શક્તિ વ્યક્તે ગુણ સિદ્ધિ, ત્રિભુ-

વન જનના ત્રાતા ॥ ચાલો૦ ॥૪॥ એ ગિરિ ફરશે ભવ્ય પરીક્ષા, દુર્ગતિનો હોયે છેદ ॥ સમ્ય ગદરિસણ નિર્મળ કારણ, નિજ આનંદ અભેદ ॥ ચાલો૦ ॥૫॥ સંવત અઢાર ચુમ્મોત્તરા વરશે, શુદ માગશિર તેરશીએં ॥ શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીએં ॥ ચાલો૦ ॥૬॥ કચરા કીકા જિનવરભક્તિ, રૂપચંદ્ર જીએંદ્ર ॥ શ્રી સંઘને પ્રભુ ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણંદ ॥ ચાલો૦ ॥૭॥ જ્ઞાનાનંદી ત્રિભુવન વંદિત, પરમેશ્વર ગુણ ભીના ॥ દેવચંદ્ર પદ પામે અદ્દભુત, પરમ મંગલ લયલીના ॥ ચાલો૦॥૮॥ ઇતિ તૃતીય સ્તવનં॥૮૩॥

॥ अथ सिद्धाचल चतुर्थ स्तवनं ॥

॥ વિમલાચલ નિતુ વંદીએં; કીજેં એહની સેવા ॥ માનુ હાથ એ ધર્મનો, શિવતરૂફલ લેવા ॥ વિ૦ ॥૧॥ ઉજ્જલ જિનગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગા ॥ માનું હિમ ગિરિ વિભ્રમેં, આઈ અંબર ગંગા ॥ વિ૦ ॥૨॥ કોઈ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે ॥ ઇમ શ્રીમુખ હરિ આગળેં, શ્રીસીમંધર બોલે ॥ વિ૦ ॥૩॥ જે સઘળાં તીરથ કર્યાં, જાત્રાફળ લહીએં ॥ તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએં ॥ વિ૦ ॥૪॥ જનમ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે ॥ સુજસ વિજય સંપદ લહે, તે નર ચિર નંદે ॥ વિમ૦ ॥ ઇતિ ॥૮૪॥

॥ अथ पंचतीर्थ थोयो ॥

॥ શ્લોક ॥ શ્રી શત્રુંજય મુખ્ય તીર્થ તીલકં શ્રી નાભિરાજાંગજં ॥ વંદે રૈવત શૈલ મૌલિ મુકુટં શ્રી નેમિનાથં યથા ॥ તારંગે અજિતં જિનં ભૃગુપુરે શ્રી સુવ્રતં સ્થંભને ॥ શ્રીપાર્શ્વં પ્રણમામિ સત્યનગરે શ્રી વર્દ્ધમાનં ત્રિધા ॥૧॥ વંદેઽનુત્તર કલ્પ તલ્પ ભુવને ગ્રૈવેયક વ્યંતરા ॥ જોતિષ્યા મર મંદરાદ્રિ વસતી સ્તીર્થંકરાનાદરાન ॥ જંબુ પુષ્કર ધાતકીષુ રૂચકે નંદીશ્વરે કુંડલે ॥ યેચા ન્યેપિ જિના નમામિ સતતં તાન કૃત્રિમા અકૃત્રિમાન ॥૨॥ શ્રી મહીરજિનાસ્ય પદ્મ હૃદતો નિર્ગચ્છતે ગૌતમં ॥ ગંગા વર્તન મેત્ય યા પ્રવિભિદે મિથ્યાત્વ વૈતાઢયકં ॥ ઉત્પત્તિ સ્થિતિ સંહૃતિ ત્રિપથગા જ્ઞાનાંબુદા વૃદ્ધિગા ॥ સીમે કર્મમલં હરત્વ વિકલં શ્રીદ્વાદશાંગી નદી ॥૩॥ શક્ર શ્ચંદ્ર રવિ ગ્રહા શ્ચધરણ બ્રહ્મેંદ્ર શાંત્યંબિકા ॥ દિગ્પાલાઃ સકપર્દ્દિગૌ મુખ્યગણિ શ્ચક્રેશ્વરી ભારતી ॥ યેઅન્યેજ્ઞાન તપ ત્ક્રિયાવતિ વિધિ શ્રી તીર્થયાત્રાદિષુ ॥ શ્રી સંઘસ્ય તુરાચતુર્વિધ સુરાસ્તે સંતુ ભદ્રંકરાઃ ॥૪॥ ઈતી શ્રી પંચતીર્થ સ્તુતિ ॥૮૫॥

॥ अथ शंखेश्वर पार्श्वनी स्तुति ॥

॥ શંખેશ્વર પાસજી પૂજીએં, નર ભવનો લાહો લીજીએં ॥

મન વંછિત પુરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ ॥૧॥ દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોલા જિનવર ગુણનીલા ॥ દોય લીલા દોય સામલ કહ્યા, શોલે જિન કંચન વર્ણ લહ્યા ॥ ॥૨॥ આગમ તે જીનવરેં ભાંખીઓ, ગણધર તે હઇડે રાખીઓ ॥ તેહનો રસ જેણે ચાખીયો ॥ તે હુઓ શિવ સુખ સાખીયો ॥૩॥ ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી ॥ સહુ સંઘના સંકટ ચૂરતી, નય વિમલના વંછિત પુરતી ॥૪॥ ॥ ઇતિ ॥૮૬॥

॥ अथ सझ्झायो ॥

प्रथम श्री विनय अध्ययननी सझ्झाय

॥ શ્રી નેમિસર જિન તણુંજી ॥ એ દેશી ॥ પવયણ દેવી ચિત્ત ધરીજી, વિનય વખાણીશ સાર ॥ જંબુને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર ॥૧॥ ભવિક જન વિનય વહો સુખકાર એ આંકણી ॥ પહિલે અધ્યને કહ્યોજી, ઉત્તરાધ્યયન મઝાર ॥ સઘલા ગુણમાં મૂલગોજી, જે જિન શાસન સાર ॥૨॥ ભવિ૰ નાણ વિનયથી પામીએંજી, નાણેં દરિસણ શુદ્ધ ॥ ચારિત્ર દરિસણથી હુએજી, ચારિત્રથી પુણ સિદ્ધ ॥૩॥ ભવિ૰ ॥ ગુરૂની આણ સદા ધરેજી, જાણે ગુરૂનો ભાવ ॥ વિનયવંત ગુણ

રાગીઓજી, તે મુનિ સરલ સ્વભાવ ॥૪॥ ભવિ૦ ॥ કણનું કૂકું પરિહરીજી, વિષ્ટાશું મન રાગ ॥ ગુરૂદ્રોહી તે જાણવાજી, સૂયર ઉપમા લાગ ॥૫॥ ભવિ૦ ॥ કોહ્યા કાનની કૂતરીજી, ઠામ ન પામીરે જેમ ॥ શીલ હીણ અકહ્યા ગરાજી, આદર ન લહે તેમ ॥૬॥ ભવિ૦ ॥ ચંદ તણી પેરેં ઉજળીજી, કીરતિ તેહ લહંત ॥ વિષય કષાય જીતી કરીજી, જે નરશીલ વહંત ॥૭॥ ભવિ૦ ॥ વિજય દેવ ગુરૂ પાટવીજી, શ્રી વિજય સિંહ સૂરીંદ ॥ શીશ ઉદયવાચક ભણેજી, વિનય સયળ સુખકંદ ॥૮॥ ભવિ૦ ॥ ઇતિ ॥૮૭॥

॥ शिखामण सझ्झाय ॥

॥ જીવ વારૂંછું મોરા વાલમાં, પર નારીથી પ્રીતિ મ જોડ ॥ પરનારીની સંગત નહીં ભલી, તારા કુળમાં લાગસે ખોડ ॥ જીવ૦ ॥૧॥ જીવ આ સંસારછે કારમો, દીસેછે આળ પંપાળ જીવ એહવું જાણી ચેતજો, આગળ નાખીછે જાળ ॥ જીવ૦ ॥૨॥ જીવ માત પિતા ભાઈ બેનડી, સહુ કુટંબ તણો પરિવાર ॥ જીવ વેતી વારે સહુ સગું, પછે લાંબા કીધા જુહાર ॥ જીવ૦ ॥૩॥ જીવ દેહ લગે સગો આંગણો, શેરીએં લગેં સગી માય ॥ જીવ સીમ લગેં શાજન ભલો, પછે હંસ એકીલો જાય ॥ જીવ૦ ॥૪॥ જીવ જાતાં થકાં નવિ જાણીયેં, નવિ જાણ્યો

વાર કુવાર ॥ જી૦ ગાડું ભરીયું ઇંધણે, ખોખરી હાંડલી સાર જી૦ ॥૫॥ જી૦ આઠમ પાખી ન ઓળખી, જી૦ બહુલાં કીધાં પાપ ॥ જી૦ સુમતિ વિજય મુનિ એમ ભણે, જી૦ આવાગમણ નિવાર ॥ જી૦ ॥૬॥ ઇતિ ॥૮૮॥

॥ अनाथी मुनिनी सज्झाय ॥

॥ શ્રેણિક રયવાડી ચઢયો, પેખીયો મુનિ એકંત ॥ વર રૂપ કાંતેં મોહિઓ, રાય પુછે એ કહોનેં વિરતંત ॥૧॥ શ્રેણિક રાય હું રે અનાથી નિગ્રંથ ॥ તિણ મેં લીધો રે સાધુજીનો પંથ ॥ શ્રેણિક૦ ॥ એ આંકણી ॥ ઇણેં કોસંબી નયરી વસે, મુઝ પિતા પરિઘલ ધન ॥ પરિવાર પુરેં પરિવર્યો, હુંછું તેહનો રે પુત્ર રતન ॥ શ્રે૦ ॥૨॥ એક દિવસ મુઝનેં વેદના, ઉપની મેં ન ખમાય ॥ માત પિતા ઝુરી મરે, પણ સમાધિ કિણ નવિ થાય ॥ શ્રે૦ ॥૩॥ ગોરડિ ગુણ મણિઓરડી, ચોરડી અબલા નાર ॥ કોરડી પીડા મેં સહી, ન કોણેં કીધી મોરડી સાર ॥ શ્રે૦ ॥૪॥ બહુ રાજ્યેં વૈદ્ય બોલાવિયા, કીધલા કોડ ઉપાય બાવના ચંદન ચરચિયા, તોહિપણ રે સમાધિ ન થાય ॥ શ્રે૦ ॥૫॥ જગમાંહિ કો કેહનો નહીં, તે ભણી હું રે અનાથ ॥ વીતરાગના ધરમ સરિખો, નહિં કોઈ બીજો રે મુકિતનો સાથ ॥ શ્રે૦ ॥૬॥ વેદના જો મુઝ ઉપરામે, તો લેઉ સંજમ ભાર ॥

ઇમ ચિંતવતાં વેદના ગઈ, વ્રત લીધું મેં હર્ષ અપાર શ્રે૦ ॥ ॥૭॥ કરજોડિ રાજા ગુણ સ્તવે, ધન ધન એહ અણગાર ॥ શ્રેણિક સમકિત પામીયા, વાંદી પુહતોરે નગર મઝાર ॥ શ્રે૦ ॥૮॥ મુનિ અનાથી ગાવતાં, તૂટે કર્મની કોડ ॥ ગણિ સમય સુંદર તેહના, પાય વંદેરે બે કરજોડ ॥ શ્રે૦ ॥૯॥ ઇતિ ॥૮૯॥

॥ श्री नेम राजुलनी सज्झाय ॥

નદી જમુનાકે તીર ઉડે દોય પંખીયા ॥ એ દેશી ॥ પિઉજી પિઉજીરે નામ જપું દિન રાતિયાં ॥ પિઉજી ચાલ્યા પરદેશ તપે મોરી છાતીયાં ॥ પગ પગ જોતી વાટ વાલેસર કબ મિલે નીર વિછોયાં મીનકે તે જ્યું ટળવળે ॥૧॥ સુંદર મંદિર સેજ સાહિબ વિણ નવિ ગમે ॥ જિહાંરે વાલે સરનેમ, તિહાં મારૂં મન ભમે ॥ જો હોવે સજ્જન દૂર તોહિ પાસેં વસે ॥ કિહાં સાયર કિહાં ચંદ દેખી મન ઉલ્લસે ॥૨॥ નિઃસ્નેહી શું પ્રીત મ કરજ્યો કો સહી ॥ પતંગ જલાવે દેહ દીપક મનમેં નહીં ॥ વાલા માણસનો વિજોગ મ હોજો કેહનેં ॥ સાલેરે સાલ સમાન હઇઆમાં તેહને ॥૩॥ વિરહ વૃથાની પીડ જોબન વય અતિ દહે ॥ જેનો પિઉ પરદેશ તે માણસ દુઃખ સહે ॥ ઝુરી ઝુરી પંજર કીધ કાયા કમલજ જેસી ॥ હજીઅ ન આવ્યો નેમ મળિ નયણેં હસી ॥૪॥ જેને જેહ શું રંગ ટાલ્યો તે નવી ટળે ॥

ચકવા રયણી વિજોગ તેતો દિવસેં મળે ।। આંબા કેરો સ્વાદ લિંબુ તે નવી કરે ।। જે નાહ્યા ગંગા નીર તે છિલ્લર કિમ તરે ।।૫।। જે રમ્યા માલતી ફુલ ધંતુરે કિમ રમે ।। જેહનેં ઘીય શું પ્રેમ તે તેલેં કિમ જમે ।। જેહને ચતુર શું નેહ તે અવરનેં શું કરે ।। નવજોબન તજી નેમ વૈરાગી થૈ ફરે ।।૬।। રાજુલ રૂપ નિધાન કે પોતી સહઆવનેં ।। જઇ વાંદ્યા પ્રભુ નેમ સંજમ લેઈ એક મનેં ।। પામ્યાં કેવળ જ્ઞાન કે પોતી મનની રળી રૂપ વિજય પ્રભુનેમ ભેટે આશા ફળી ।।૭।। ઇતિ ।।૯૦।।

॥ आउखानी सज्झाय ॥

।। આઉખું તુટાનેં સાંધો કો નહીંરે ।। તિણ કારણ મ કરો જીવ પ્રમાદરે ।। જરા આવ્યાનેં સરણું કો નહીંરે ।। હંસા છોડીનેં દયા પાળજે ।। આઉ० ।।૧।। કુટુંબ કબીલા નારી કારણેરે ।। મૂરખ સંચ્યાં બહુલાં પાપરે ।। ચોરતણી પેરેં છંડી ઝુરશેરે ।। સહીશ ઇહલોક પરલોક સંતાપરે ।। આ० ।।૨।। ઊંચાં ચણાવ્યાં મંદિર માળિયાંરે ।। દે દે ધરતીમેં ઊંડી નીવરે એક દિન અણજાણ્યું ઉડ ચાલવુંરે ।। સુખ દુઃખ સેહેશે આપણો જીવરે ।। આ० ।।૩।। ચક્રવર્તિ હરિબલ રાણો કેસવોરે ।। જો જો વળી ઇંદ્ર સુરાંનો નાથરે ।। ઉગી ઉગીનેં ઉવેહી આથમ્યારે, જો જો કોઇ અચરિજ વાળી વાતરે ।। આ० ।।૪।। અ-

થિર સંસાર તજી મુનિ નીસર્યારે ।। કરતા મુનિ નવલા વિહારરે ।। ભારંડ પંખીની દીધી ઉપમારે ।। ન ધરે મમતા નેહ લગારરે આ૦ ।।૫।। ચારિત્ર પાળે રૂડી રીતશુંરે ।। દેવે મુનિ અપનો ઉપદેશરે ।। તિકો મુનિવર સીધાસી મોક્ષનેરે ।। જશ લેઈ ઇહ લોક પરલોકરે ।। આ૦ ।।૬।। શબ્દ રૂપ દેખી સમતા ધરોરે ।। મ કરો મુનિ ભણ્યાનું અભિમાનરે ।। રૂષિ ચોથમલ સૂત્ર દેખીનેરે ।। જોડ કીધી જાલોર મઝારરે ।। આ૦ ।।૭।। ઇતિ સઝાયો ।।૯૧।।

।। अथ विधि प्रारंभ ।।

।। सामायक लेवानो विधि ।।

।। પ્રથમ ઊંચે આસનેં પુસ્તક પ્રમુખ મુકીનેં શ્રાવક શ્રાવિકા કટાસણું, મુહપત્તિ, ચવળો લઈ સુદ્ધ વસ્ત્ર જગ્યા પુંજી ।। કટાસણ ઉપર બેશી મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસેં રાખી જમણો હાથ થાપનાજી સન્મુખ રાખી એક નવકાર ગણિ પચિંદિઅ કહી ઇચ્છામિ ખમાસમણ દેઈ, ઇરિયા વહિયા, તસ્સ ઉત્તરી, અન્નથ્થ ઉસસિએણં કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ।। ઇચ્છા કારેણ સંદિસહ ભગવન સામાયક

મુહપત્તિ પડિલેહું ॥ ઇચ્છં ॥ ઇમ કહી મુહપત્તિ અંગની પ-ડિલેહણના (૫૦) બોલ કહિ મુહપત્તિ પડિલેહીએં ॥ ખમા-સમણ દેઈ૦ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન સામાયક સંદિસાહું ઇચ્છં ॥ વળી ખમા૦ દેઈ ઇચ્છા૦ ॥ સામાયક ઠાઊં ॥ ઇચ્છં ॥ એમ કહિ બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન પસાય કરી સામાયક ઉચ્ચરાવોજી ॥ વડિલ કરે, કરેમિભંતે કહે ॥ પછે ખમાસમણ દેઈ ઇચ્છા૦ બેસણે સંદિસા હું ખમા૦ ઇચ્છા૦ ॥ બેસણે ઠાઊં ॥ ખમા૦ ઇચ્છા૦ સઝાય સંદિસાહું ખમા૦ ઇચ્છા૦ ॥ સઝાય કરૂં ॥ ઇચ્છં ॥ એમ કહી ત્રણ નવકાર ગણવા ॥ પછે બે ઘડી સઝાય ધર્મ ધ્યાન કરવું ॥ ઇતિ સામાયક લેવાનો વિધિ ॥૯૨॥

॥ अथ सामायक पारवानो विधि ॥

॥ ખમાસમણ દેઈ ઇરિયા વહિ પડિક્કમાથી યાવત લો-ગસ્સ સુધી કહી ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ મુહપત્તિ પડી લેહું કહી મુહપત્તિ પડિ લેહિ ખમાસમણ દેઈ ॥ ઇચ્છા૦ ॥ સા-માયક પારૂં યથાશકિત ॥ વળી ખમાસણ દેઇ ઇચ્છા૦ ॥ સામાયક પાર્યું તહત્તિ ॥ પછે જમણો હાથ ચવલા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી “સામાઇય વયજુ-

તો " કહિએં ॥ પછે એક નવકાર જમણો હાથ થાપના સામો સવળો રાખી ગણીએં ॥ ઇતિ પારવાનો વિધિ ॥૯૩॥

॥ दैवसिक प्रतिक्रमणानो विधि ॥

॥૧॥ પ્રથમ સામાયક લીજેં ॥૨॥ પાણી વાવર્યું હોય તો મુહપત્તિ પડિલેહવી ॥૩॥ આંહાર વાવર્યો હોય તો વાંદણા બે દેવાં, તિહાં બીજા વાંદણાંમાં આવસીઆએ ન કહેવું ॥૪॥ યથાશકિત પચ્ચખ્ખાણ કરવું ॥૫॥ ખમાસણ દેઈ ॥ ઇચ્છા૦ કહી વડેરા અથવા પોતેં ચૈત્યવંદન કહીને ॥૬॥ પછે જંકિંચિ ॥ નમુથ્થુણં કહી ઉભા થઇને અરિહંત ચેઇયાણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઅર્હંત કહીનેં પ્રથમ થોય કેહેવી પછેં ॥૭॥ લોગસ્સ૦ ॥ સવ્વલોએ "અરિહંત ચેઇયાણં" કહીનેં ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારીને બીજી થોય કેહેવી પછેં ॥૮॥ પુખ્ખર વરદી૦ કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કેહેવી પછેં ॥૯॥ સિદ્ધાણં બુદ્ધાણં કહી વેયાવચ્ચ ગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ૦ ॥ પછી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઅર્હંત૦ કહી ચોથી થોય કહેવી ॥૧૦॥ પછે બેશીને નમુથ્થુણં કેહેવું, પછી ચાર ખમાસમણ દેવાં પુર્વક ॥૧૧॥ ભગવાન આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ વાંદવા પછે ॥૧૨

ઇચ્છા કારેણ૦ દૈવસિક પ્રતિક્રમણે ઠાઉ એમ કહી જમણો હાથ ચરવળા વા કટાસણા ઉપર થાપીને ॥ ઇચ્છં ॥ સવ્વ સવિ દેવસિઅ૦ કેહેવું પછે ॥૧૩॥ ઉભા થઈ કરેમિ ભંતે ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જોમે દેવસિઓ તસ્સ ઉત્તરી કહી ॥ ॥૧૪॥ આઠ ગાથાનું કાઉસ્સગ્ગ કરવું ॥ આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનું કાઉસ્સગ્ગ કરવું તે પારીને ॥૧૫॥ લોગસ્સ કેહેવો. બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડીલેહિને વાંદણાં બે દેવાં ॥૧૬॥ પછે ઉભા થઇને ઇચ્છાકારે૦ દેવસિઅં આલોઉં ઇચ્છં આલોએમિ જો મે દેવસિઓ કહી સાત લાખ કેહેવા પછે અઢાર પાપસ્થાનક આલોઇને સવ્વસ્સવિ દેવસિઅં કહિને બેસવું એક નવકાર ગણી કરેમિભંતે ઇચ્છામિ પડિક્કમિઉં કહીને વંદિતું કેહેવું ॥ પછે વાંદણાં બે દેવાં પછે અપભુટ્ઠિઓહં ખામીને વાંદણાં બે દેવાં. ઉભા થઈ આયરીય ઉવઝાએ કહિને કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ૦ જોમે દેવસિઓ૦ તસ્સ ઉત્તરી૦ કહી, બે લોગસ્સ વા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ વંદણ૦ કહી એક લોગસ્સ વા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને પુખ્ખર વરદી૦ સુઅસ્સ ભગવઓ૦ કરેમિ૦ વંદણ૦ એક લોગસ્સ વા ચાર નવકારનો કાઉસ્સગ્ગ તે પારીને

સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં એક નવકારનો કાઉસ્સગ્ગ તે પારી નમોઅર્હત કહી પુરૂષે સુયદેવયાની થોય કહેવી સ્ત્રીને કમલ દલની થોય કહેવી ।। ખેત્ર દેવ યાએ કરેમિ કાઉસ્સગ્ગં૦ એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઅર્હત કહી ક્ષેત્રદેવ યાની બીજી થોય સ્ત્રીને તથા પુરૂષને કેહેવી. પછે એક નવકાર ગણી બેસીને છઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દીજે. ૧ સામાયક, ૨ ચઉવ્વિસથ્થો, ૩ વંદણ, ૪ પડિક્કમાણું, ૫ કાઉસ્સગ્ગ, ૬ પચ્ચખ્ખાણ એ છ આવશ્યક સંભારવાં. ઇચ્છામો અણુસટ્ઠિ કહી નમો ખમાસમણાણં કહી નમોઅર્હત૦ પુરૂષ નમોસ્તુ વર્ધમાનય કહે ।। સ્ત્રી સંસાર દાવાની થોય ત્રણ કહે. પછે નમુથ્થુણં કહી સ્તવન કહેવું ।। વરકનક કહી ભગવાન આદે વાંદવા. પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછે દેવસિઅપાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સ વા શોલ નવકારનો કરવો. પછી તે કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહી બેસીને ખમાસમણાં બે દેઈ સઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સઝાય કહીએં પછે એક નવકાર ગણીએં, પછે દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો સંપુર્ણ વા શોલ નવકારનો કરવો તે પારીને નમોઅર્હત૦ કહી લઘુશાંતિ કેહેવી.

પછે પ્રગટ લોગસ્સ કહી ઇરિયાવહી યાવત લોગસ્સ કેહેવો ચઉક્કસાય નમુથ્થુણં કહી જાવંતિ બે કહી ઉવસગ્ગ હરં૦ ॥ જયવીયરાય કહી મુહપત્તિ પડિલેહવી ॥ ઇચ્છામિ૰ ઇચ્છા૰ સામાયક પારવું ॥ યથાશકિત ઇચ્છામિ૰ ઇચ્છાકા૰ સામાયક પાર્યું તહત્તિ કહી પછી જમણો હાથ ઉપધી ઉપર સ્થાપી એક નવકાર ગણીને સામઇઅ વયજુત્તો કહેવું. પછી સ્થાપના હોય તો એક નવકાર ગણી ઉઠે એ દેવસી પ્રતિક્રમણ વિધિ કીધા બાકી અંતરવિધિ મોહોટાથી સમજવી ॥ ॥ ઇતિ દેવસી પ્રતિક્રમણ વિધિ ॥૯૪॥

॥ अथ राइप्रतिक्रमण विधि ॥

॥ પ્રથમ પુર્વ રીતેં સામાયક લીજેં પછે કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો વા શોલ નવકારનો કરી પારી પ્રગટ લોગસ્સ કેહેવો. પછે ખમાસમણ દેઈ જગચિંતામણિનું ચૈત્યવંદન જયવિયરાય સુધિ કેહેવું. ખમાસમણં દેઈ ભગવાન આદે વાંદવા ખમાસમણ બે દેઈ સઝાયનો આદેશ માગી એક નવકાર ગણીને ભરહેસરની સઝાય કહીને એક નવકાર ગણવો ॥ પછેં ઇચ્છકાર સુહરાઇનો પાઠ કહેવો. પછે ઇચ્છાકા૰ રાઇપ્રતિક્રમણે ઠાઊં કહીને જમણો હાથ ઉપધી ઉપર થાપી ઇચ્છં૰ સવ્વ સવિ૰ ॥ રાઇયિ દુચ્ચિંતિય૰ કહી

નમુથ્થુણં કરેમિ ભંતે કહી ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૰ તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સ વા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીનેં લોગસ્સ સવ્વલોએ અરિહત૰ કહી એક લોગસ્સ વા ચાર નવકારનો કાઉસ્સગ્ગ૰ પારી પુખ્ખર વરદી૰ સુઅસ્સ૰ વંદણ કહી આઠ ગાથા વા આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારી સિદ્ધાણં બુદ્ધાણં કહીનેં ત્રીજા અવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણાં બે દેવાં ।। તીહાંથી તે અબ્ભુટ્ઠિઓ ખામિ વાંદણાં દીજેં તીહાં સુધી દેવસીની રીતેં પણ જે ઠેકાણે દેવસિઅં આવેછે, તે ઠેકાણે રાઇયં કેહેવું. પછે આયરિઅ ઉવઝાએ૰ કરેમિભંતે૰ ઇચ્છામિ ઠામિ૰ તસ્સ ઉત્તરી૰ કહી તપચિંતામણિ અથવા ચાર લોગસ્સ વા શોલ નવકારનો કાઉસ્સગ્ગ કરવો, તે પારીનેં પ્રગટ લોગસ્સ કહી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણાં બે દેવાં. પછે તીર્થ વંદન કરવું યથાશક્તિએં પચ્ચખ્ખાણ કરવું. છ આવશ્યક સંભારવાં. પચ્ચખ્ખાણ કર્યું હોય તો કર્યું કહેવું. ન કર્યું હોય તો ધાર્યું છેજી એમ કહેવું. પછે ઇચ્છામો અણુસઠ્ઠીં૰ નમોઅર્હત૰ વિશાલ લોચન૰ નમુથ્થુણં૰ અરિહંત ચેઇયાણં૰ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઅર્હત કહી કલ્યાણકંદની થોય પ્રથમ કહેવી. લોગસ્સ૰ પુખ્ખરવરદી૰ સિદ્ધાણં બુદ્ધાણં૰ કહી અનુક્રમેં ચાર થોયો કહીએં છીએં.

તેવી રીતેં કહી પછે નમુથ્થુણં કહી ભગવાન આદે વાંદવા. પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન સ્તવન થોય કહીએં. તીહાં સુધી કરવું. પછે સિદ્ધાચલનું ચૈત્યવંદન થોય સુધી કરવું. પછે સામાયક પારવું પ્રથમ પ્રમાણે ॥ ઇતિ ॥૯૫॥

॥ अथ पख्खि प्रतिक्रमण विधि ॥

॥ પ્રથમ દૈવસિક પ્રતિક્રમણમાં વંદિ઼ કહી રહ્યાં તીહાં સુધી કેહેવું પણ ચૈત્યવંદન સકલાઅર્હતનું કેહેવું ને થોયો સ્નાતસ્યાની કેહેવી, પછે ખમાસમણ દેઇનેં ઇચ્છાકારેણ સંદિસહ ભગવન દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ૦ પખ્ખિ મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહિએં પછે વાંદણાં બે દીજેં, પછેં ઇચ્છાકાર૦ સંબુદ્ધા ખામણેણં અબ્ભુઠ્ઠિઓહં અભ્ભિંતર પખ્ખિઅં ખામેઉ ઇચ્છં ખામેમિ પખ્ખિઅં પનરસ દિવસાણં પનરસ રાઇઆણં જંકિંચિ૦ કહી ઇચ્છાકા૦ કહી પખ્ખિઅ આલોએમિ ઇચ્છં આલોએમિ જો મે પખ્ખિઓ૦કહી ઇચ્છાકા૦ કહી પખ્ખિ અતિચાર આલોઉં એમ કહી અતિચાર કહિએં પછે એવંકારે૦ સવ્વસ્સવિ પખ્ખિઅ દુચ્ચિંતિઅ૦ દુભ્ભાસિય દુચ્ચિઠ્ઠિઅ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન પસાઓ

કરી પચ્ખિ તપ પ્રસાદ કરોજી. એમ ઉચ્ચાર કહીને આવી રીતેં કહિએં ચઉથ્થેણું એક ઉપવાસ, બે આંબિલ ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બે આસણા, બે હજાર સઝાય, યથા- શક્તિ તપ કરી પ્રવેશ કર્યો હોય તો પઇઠી કહીએં ન કરવો હોયતો અણબોલ્યા રહીએં. પછે વાંદણાં બે દીજેં પછે ઇચ્છા- કા૦ પત્તેઅ ખામણેણં અબ્ભુઠ્ઠિઓહં અભ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ઇચ્છં ખામેમિ પખ્ખિઅં પનરસ દિવસાણં પનરસ રાઇઆણં જંકિંચિ૦ પછે વાંદણા બે દિજેં. પછે દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકા૦ પખ્ખિઅ પડિક્કમુ સમ પડિ- ક્કમામિ ઇચ્છં એમ કહી કરેમિભંતે કહી ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પખ્ખિઓ૦ કેહેવું. પછે ખમાસમણ દેઇ ઇચ્છાકારે૦ કહી પખ્ખિસુત્ર પઢું. એમ કહી ત્રણ નવકાર ગણી સાધુ હોય તો પખ્ખિસૂત્ર કહે. સાધુ ન હોયતો ત્રણ નવકાર ગણી શ્રાવક વંદિતુ કહે પછે સુઅ દેવયાની થોય કેહેવી. પછે હેઠા બેસી જ- મણો ઢિચણ ઉભો કરવો. એક નવકાર ગણી કરેમિભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વંદિતું કહેવું. પછે કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પખ્ખિયો૦ તસ્સ ઉત્તરી૦ અન્નથ્થ૦ કહી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો તે લોગસ્સ ચંદેસુ નિ- મ્મલયરા સુધી કહેવા. અથવા અડતાલીશ નવકારનો કાઉ-

સ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહીએં વાંદણા બે દીજે, પછે ઇચ્છાકા૦ સમાપ્ત ખામણેણં અભ્ભુઠ્ઠિઓહં અભ્ભિંતર૦ પખ્ખિઅં૦ ખામેઉઇચ્છં ખામેમિ પખ્ખિઅં એક પખ્ખાણં પનરસ દિવસાણં પનરસ રાઇયાણં જિંકિંચિઅ પત્તિઅં ને પછી ખમાસમણ દેઇનેં ઇચ્છાકા૦ કહી પખ્ખિખામણાં ખામું. એમ કહી ખામણા ચાર ખામવાં. પછે દેવસિ પ્રતિક્રમણામાં વંદિતા પછે બે વાંદણાં દેવાં તાહાંથી તે સામાયક પારીએ તીહાં સુધી દેવસીની પેઠેં જાણવું. પણ સુઅદેવયાની થોયોને ઠેકાણે જ્ઞાનાદિની થોયો કહેવી. સ્તવન અજિત શાંતિનું કહેવું. સઝાયને ઠેકાણે ઉવસગ્ગહરં તથા સંસારદાવાની થોયો ચાર કહેવી. લઘુશાંતિને ઠેકાણે મોટી શાંતિ કહેવી ॥ ઇતિ પખ્ખિ પ્રતિક્રમણ વિધિઃ ॥૯૬॥

॥ अथ चउमासीक प्रातिक्रमण विधि ॥

॥ પખ્ખિના વિધિ પ્રમાણે કરવું પણ બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કરવો. ને પખ્ખિના આગારને ઠેકાણે ચઉમાસીના કેહવા ને તપને ઠેકાણે છઠ્ઠેણં બે ઉપવાસ, ચાર આંબિલ, છ નીવિ, આઠ એકાશણાં, શોલ બે આસણાં, ચાર હજાર સઝાય, એ રીતેં કહીએં ॥ ઇતિ૦ ॥૯૭॥

॥ अथ संवत्सरी प्रतिक्रमण विधि ॥

॥ પખ્ખિના વિધિ પ્રમાણે કરવું પણ બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીશ લોગસ્સ વા એકસોને સાઠ નવકારનો કરવો. ને તપને ઠેકાણે અઠ્ઠમ ભત્તં ત્રણ ઉપવાસ, છ આંબિલ, નવ નીવિ, બાર એકાશણાં, ચોવીસ બે આશણાં, છ હજાર સઝાય એ રીતે કેહેવું ને પખ્ખિના આગારને ઠેકાણે સંવત્સરીના આગાર કેહેવા ॥ ॥ ઇતિ ॥૯૮॥ પંચ પ્રતિક્રમણ વિધિઃ સંપુર્ણ ॥

॥ अथ पडिलेहण करवानो विधि ॥

॥ નવકાર પંચિંદિઅ કહી ઇરિયાવહિ પડિક્કમવી, થાપના હોય તો નવકાર પંચિંદિઅ ન કહેવું પછી તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી ઉભે પગે બેસી મુહપત્તિ ચવલો કટાસણું ઉત્તરાષણ ધાતીઊં કંદોરો આદેં પડિલેહણ કરવું પછી કાજો કાઢી જીવ કલેવર સચિત્ત આદેં જોવું પછી થાપનાજી સન્મુખ ઉભો રહી ઇરિયાવહિ પડિક્કમિ કાજો પરઠવવા જગ્યા શોધી ત્રણવાર અણુજાણહ જસ્સગ્ગો કહી કાજો પરઠવો પછી ત્રણવાર વોસિરે કહેવું ॥ ઇતિ પડિલેહણનો વિધિ ॥૯૯॥

॥ अथ पच्चख्खाण पारवानो विधि ॥

॥ પ્રથમ ઇરિયાવહિયાએ પડિક્કમીયેં પછી જગચિંતામ-ણિનું ચઇત્યવંદન જયવિયરાય સુધી કરવું. પછે મન્હજિણા-ણંની સઝાય કહી મુહપત્તિ પડિ લેહેવી ઇચ્છામિ૰ ઇચ્છાકા૰ પચ્ચખ્ખાણ પારૂં યથાશકિત ઇચ્છામિ૰ ઇચ્છાકા૰ પચ્ચ-ખ્ખાણ પાર્યું, તહત્તિ એમ કહી જમણો હાથ કટાસણાં વા ચવલા ઉપર થાપી એક નવકાર ગણી પચ્ચખ્ખાણ કર્યું હોય તે કેહેવું. તે લખીયે છીયેં ॥ ઉગ્ગએ સુરે નમુક્કાર સહિઅં પોરસિં સાઢ પોસિં ગંઠસહિયં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાણ કર્યું. ચઉવિહાર, આંબિલ, નીવી, એકાસણું, બે આસણું કર્યું. તિ-વિહાર પચ્ચખ્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જંચન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુ-ક્કડં ॥ ઇતિ વિધિ સંપુર્ણ ॥૧૦૦

॥ पद सातमुं महोलें पधारो महराज ए रागमां ॥

॥ અરજ સુનીજે મહારાજ, નેમ પ્રભુ અરજ સુનીજે ॥ ટેક ॥ દોહા ॥ સમુદ્રવિજય કુલચંદલો, શિવાદેવી માત ॥ આપ સુનો મેરી વીનતિ, કરજોડી કહું વાત ॥ નેમ૰ ॥૧॥ તોરણ આઈ પરણવા, લેઈ સાથેં પરિવાર ॥ પીછા રથ

ફરાવીયા, સુની પશુઅનકી પોકાર ॥ નેમ૦ ॥ ૨ ॥ મુજનેં છોડીનેં પ્રભુ, જાઓ હો ગિરનાર ॥ મૈં અબળા પતિ હીન ભયે, અબ કરના કવન બિચાર ॥ નેમ૦ ॥ માત પિતાનેં પરિહરી, દીક્ષા લેઈ પ્રભુ પાસ ॥ પીયુ પહેલી શિવ જાયકે, પુરી સબ મનકી આસ ॥ નેમ૦ ॥૪॥ કલ્યાન નિધાન પાઠક ગણિ, ચંદ ગોપાળદાસ ॥ શ્રીસંઘકી આશા પુરજો, પ્રભુ જાણી તુમારો દાસ ॥ ॥ નેમ૦ ॥૫॥ ॥ ઇતિ ॥

श्री अजितनाथ महाराजनी लावणी.

॥ શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ, જરૂર જિનવરજી સેવક શિરનામે, તને ઉચ્ચારે અરજી ॥ કર માફી મારા વાંક, રઝળીઓ રાંક, અનંતા ભવમે ॥૨॥ આવ્યોછું તારા શરણ, બલી દુઃખ દવમેં ॥ ક્રોધાદિક ધુકતા ચાર, ખરેખર ખાર, લગ્યા મુજકડે ॥૨॥ વળી પાપી મારો નાથ,છેક છંછેડો ॥ આ મુજરો મુજ ભગવાન, કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી ॥ ॥૨॥ સેવક૦ ॥૧॥ મેં પુરણ કર્યાંછે પાપ, સુણજો આપ, કહું કરજોડી ॥ મુજ ભુંડામાં ભગવાન, ભુલ નહીં થોડી ॥ જીવ હિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું॥૨॥ જુઠું બહુ બોલી, સાચને શું હરવું॥ તુજ ખોળામાં મુજ શીશ, જાણ જગદીશ,ગમે તે કરજી ॥૨॥ સેવક૦ ॥૨॥ મે કર્યાં બહુ કુકર્મ,

ધરી નહીં ધર્મ,પુરણ હું પાપી ॥૨॥ અવળો થઈ તારી આણ, મેંજ ઉત્થાપી ॥ મેં મુરખ નિંદા ઘણી, મુનિ પરતણી, કરી હરખાયો ॥૨॥ પરદારા દેખી, લંપાડ હું લલચાયો ॥ કિંકર કહે કેશવલાલ, આણીને વ્હાલ, દુઃખ તું હરજી ॥૨॥ સંવત ૧૯૦૩

श्री दिवाळीनुं स्तवन.

રમતી ગમતી અમુન સાહેલી, બેઉ મળી લીજીએ એક તાલીરે; સખી આજ અનોપમ દીવાળી, લીલ વીલાસે પુરણં માસે, પોસ દસમ શી રળીઆળીરે; સ. પશુપંખી વશીયા વનવાસે, તે પણ સુખીઆ સમકાલીરે; સ. એણી રાતરે ઘેર ઘેર ઓછવસે, સુખીયાં જગતમાં નર નારીરે;સ. ઉતમ ગ્રહ વઈસાખા જોગે, જનમ્યા પ્રભુજી જયકારીરે: સ. સાતે નરકે થયાં અજવાળાં, થાવરને પણ સુખકારીરે; સ. માતા નમી આદે દીક કુંવરી, અધર લોકની વસનારીરે; સ. સુતી ઘર ઇસાને કરતી, જોજન એક અસુચી તાલીરે; સ. ઉરધ લોકની આઠ કુમારી, દરસાવે જલ કુસુમાલીરે; સ. પુરવ વરૂ ચક આઠ દરપણ, ધરતી દક્ષણની અડકળ સાલીરે; સ. અડપંછમની પંખા ધરતી, ઉતર આઠ ચમર ઢાળીરે; સ. વીદીસ નીચ ઉદીપક ધરતી, રૂચક દીપની ચઉ બાલીરે; સ. કેલ તણાં ઘર

ત્રણ કરીને, મરદન સ્નાન અલંકારીરે; સ. રક્ષા પોટલી બાંધી બેઉને, મંદીરે મેલા શણગારીરે; સ. પ્રભુ મુખ કમલે અમરી ભમરી, રાસ રમતી લટકાળીરે; સ. માતા તુ જગતની માતા, જગ દીપકની ધરનારીરે; સ. માજી તુજ નંદન ઘણું જીવો, ઉતમ જીવને ઉપગારીરે; સ. છપન દીક કુંવરી પણ ગાતી, શી શુભ વીર વચન સાલીરે; સ. સંપુરણ.

આજતો બધાઈ રાજા, નાભીકે દરબાર રે ॥ મરૂદેવીએ બેટો જાએો, રીખભ કુમારરે ॥ આજતો૦ ॥૧॥ એ આંકણી અયોધ્યામેં ઓછવ હોવે, મુખ બોલે જયકારરે ॥ ધનનનનનન ઘંટા બાજે, દેવ કરે થૈકારરે ॥ આજ૦ ॥૨॥ ઇંદ્રાની સબ મંગળ ગાવે, લાવે મોતી માળરે ॥ ચંદન ચરચી પાએ લાગે, પ્રભુ જીવો ચિરકારરે ॥ આજ૦ ॥૩॥ નાભી રાજા દાનજ દેવે, વરશે અખંડ ધારરે ॥ ગામ નગર પુર પાટણ દેવે, દેવે મણી ભંડારરે ॥ આજ૦ ॥૪॥ હાથી દેવે સાથી દેવે, દેવે રથ તોખારરે ॥ હીર ચીર પીતાંબર દેવે, દેવે સવિ શણગારરે ॥ આજ૦ ॥૫॥ તીન લોકમેં દિનકર પ્રગટ્યો, ઘેર ઘેર મંગળ માળરે ॥ કેવળ કમળા રૂપ નિરંજન, આદીશ્વર દયાળરે ॥ આજ૦ ॥૬॥

હાંરે તુંતો નજર મેહેરકી કરનાવે ॥ ટેક ॥ મેહું અધમ પાપકી મૂરત, મેરા દોષના ધરનાવે ॥ હાંરે૦ ॥ ૧ ॥ અષ્ટ ભવંતર મેં નેહ કીનો, નવમે ભવ નિભાવનાવે ॥ હાંરે૦ ॥૨॥ રૂપચંદ કહે નાથ નિરંજન, આવાગમન નિવારનાવે હાંરે ॥૩॥

કીને દેખા હમારા સ્વામી, સ્વામીજી અંતર જામીરે ॥ કીને૦ ॥ ટેક ॥ આઠ ભવકી પ્રીત પ્રકાશી, નવમેં ગયા શિવ ગામીરે ॥ કીને૦ ॥૧॥ સહેસાવનકી કુંજ ગલનમે, મળયા મુને અંતરજામીરે ॥ કીને૦ ॥ ૨ ॥ આપ ચલે ગિરનાર ઉપર, નારી તારી કેવળ પામીરે ॥ કીને૦ ॥ ૩ ॥ કહે નથુ પ્રભુ નેમ નગીનો, કહું છઉં આજ શીરનામીરે ॥ કીને૦ ॥૪॥

આંબેલની ઓળીનું સ્તવન ॥ એ ભવિ પ્રાણીરે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહીં મેવો ॥ એ ભવિ૦ ॥ એ આંકણી જે સિદ્ધચક્રને આરાધે, તેની કીર્ત્તિ જગમાં વાધે ॥ એ ભવિ૦ ॥૧॥ પેહેલે પદેરે અરિહંત, બીજે સિદ્ધ બુધ ધ્યાન મહંત ॥ ત્રીજે પદેરે સુરીસર, ચોથે ઉવઝાયને પાંચમે મુનીસર ॥ એ ભવિ૦ ॥૨॥ છઠે દર્શન કીજે, સાતમે જ્ઞાનથી શિવ સુખ લીજે. આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુકતે જાવો ॥ એ ભવિ૦

॥૩॥ ઓળી આંબેલની કીજેં, નોકારવાલી વીશ ગણીજેં ॥ ત્રણે ટંકનારે દેવ વાંદીજેં, પલેવણ પડિક્કમણાં કીજેં ॥ એ ભવિ૦॥૪॥ ગુરૂ મુખ કિરિયારે કીજેં, દેવ ગુરૂ ભક્તિ ચિત્તમાં ધરીજેં ॥ એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવજો જગદીશ ॥ એ ભવિ૦ ॥૫॥

—❦—

અવધુ એસો જ્ઞાન બિચારી, વામેં કોણ પુરૂષ કોણ નારી ॥ અવધુ૦ ॥ ટેક ॥ બમ્મનકે ઘર ન્હાતી ધોતી, જોગીકે ઘર ચેલીરે ॥ કલમા પઢ પઢ ભઇરે તુરકડી, આપહી આપ અકેલીરે ॥ અવધુ૦ ॥૧॥ સસરો હમારો બાળો ભોળો, સાસુ બાળ કુંવારીરે ॥ પીયુજી હમારો પ્હોઢે પારણીએ, મેં હું ઝુલાવન હારીરે ॥ અવધુ૦ ॥૨॥ નહીં હું પરણી નહી હું કુંવારી, પુત્ર જણાવન હારીરે ॥ કાળી દાઢી કો મેં કોઈ નહીં છોડયો, હજુએ હું બાળકુંવારીરે ॥ અવધુ૦ ॥૩॥ અઢી દ્વીપમેં ખાટ ખટૂલી, ગગન ઓશીકું તળાઇરે ॥ ધરતીકો છેડો આભકી પીછોડી, તોએ ન સોડ ભરાણીરે ॥ અવધુ૦ ॥૪॥ ગગન મંડળમેં ગાય વીઆણી, વસુધા દૂધ જમાઇરે ॥ સઉરે સુનો ભાઈ વલોણા વલોવે, કોઈ એક અમૃત પાઇરે॥ અવધુ૦ ॥૫॥ નહીં જાઊં સાસરીએ નહીં જાઊં પીયરીએ, પીયુજીકી સેજ

બીછાઇરે ।। આનંદઘન કહે સુનો ભાઈ સાધુ, જ્યોતસેં જ્યોત મિલાઇરે ।। અવધુ૦ ।।૬।।

—

બેર બેર નહીં આવે અવસર, બેર બેર નહી આવે ।। ટેક ।। જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે ।। અવસર૦ ।।૧।। તન ધન જોબન સબહીં જુઠો, પ્રાણ પલકમેં જાવે ।। અવસર૦ ।।૨।। તન છૂટે ધન કોણ કામકો, કાયકું કૃપણ કહાવે ।। અવસર૦ ।।૩।। જાકે દીલમેં સાચ બસત હે, તાકૂં જૂઠ ન ભાવે અવસર૦ ।।૪।। આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે ।। અવસર૦ ।।૫।।

—

મ્હોટી વહુએ મન ગમતું કીધું, મ્હોટી વહુએ મન ગમતું કીધું ।। એ આંકણી ।। પેટમેં પેશી મસ્તક રહેંસી, વેરી સાહી સ્વામીજીને દીધું ।। મ્હોટી૦ ।।૧।। ખોલે બેશી મીઠું બોલે, અનુભવ અમૃત જળ પીધું ।। મ્હોટી૦ ।।૨।। છાની છાની છરકડા કરતી, છરતી આંખે મનડું વીંધ્યું ।। મ્હોટી૦ ।।૩।। લોકાલોક પ્રકાશવા છૈયા, જણતાં કારજ સીધું ।। મ્હોટી૦ ।।૪।। અંગો અંગે અનુભવ રમતાં, આનંદઘન પદ લીધું મ્હોટી૦ ।।૫।।

—

ન્હાની વહુને પરઘર રમવાનો ઢાલ, ન્હાની વહુને પરઘર રમવાનો ઢાલ ।। એ આંકણી ।। પરઘર રમતાં થઇ જુઠા બોલી, દેશે ધણીજીને આળ ।। ન્હાની० ।।૧।। હળવે ચાળા કરતી હીંડે, લોક કહેછે છીનાળ ।। ન્હાની० ।।૨।। ઓલંભડા જન જનના લાવે, હૈડે ઉપાસે સાલ ।। ન્હાની० ।।૩।। બાઇરે પડોશણ જુઓની લગારેક, ફોકટ ખાશે ગાળ ।। ન્હાની० ।। ૪ ।। આનંદઘનશું રંગે રમતાં, ગોરે ગાલ ઝબુકે ઝાલ ।। ન્હાની० ।। ૫ ।।

પદ સાતમું ।। અંતર મેલ મિટયો નહીં મનકો, ઉપર તન ક્યા ધોયારે ।। અંત० ।। ટેક ।। સોળ સણગાર સજીરે શરીરપર, મુખડા કાચમેં જોઆરે ।। અંતર० ।।૧।। અગર અતર અબિર અરગજા, ગંદી દેહ સંગ મોહ્યારે ।। અંતર० ।।૨।। સરસ આહાર કરી તનને પોષે, ત્રિયા પલંગ પર સોઆરે ।। અંતર० ।।૩।। કહે જિનદાસ જે અક્ષય અમર પદ, જબ નિરખ્યા તબ રોઆરે ।। અંતર० ।।૪।।

પદ ત્રીજું ।। સમેત શિખર ચાલો જઇએ મોરી સજની, સમેત શિખર ચાલો જઇએ ।। ટેક ।। દેશ દેશકે જાત્રા આવે,

અતિસુખ અતિસુખ ચહીએં મોરી સજની ॥ સમેત૦ ॥૧॥ વીસે ટુંકે વીસ જિનેસર, વંદીને પાવન થઇએં મોરી સજની ॥ સમેત૦ ॥૨॥ મન બચ કાયા પ્રદક્ષિણા દે કર, મુકિત પરમ પદ પહીએં મોરી સજની ॥ સમેત૦ ॥૩॥ ઇતિ ॥

॥ ચેતન કાચીરે મટ્ટીકા ડેરા ॥ ટેક ॥ પડગયા બુંદ ખીખર ગયા ડેરા, લોક કહે ઘર મેરારે ॥ ચેતન૦ ॥૧॥ ઉપર પટતેં ભુખણ સોહે, ભીતર બાત અંધેરારે ॥ ચેતન૦ ॥૨॥ જુઠા ઠાઠ ઠઠા દુનિયામેં, જુઠા તન ધન મેરારે ચેતન૦ ॥૩॥ એહી અરજ તું કર લે ભાઈ, એ જગ કો નહીં તેરારે ચેતન૦ ॥૪॥ નવલ કહે છિન છિન મત બિસરો, અપના કર લો સવેરારે ॥ ચેતન૦ ॥૫॥ ઇતિ ॥

રાગ કાફી—ખતરા દુરકરના દુરકરના, એક ધ્યાન પ્રભુકા ધરના ॥ ખતરા દુરકરના દુ૦ ॥ ટેક ॥ જબલગ પાંચો નિરમળ કરના, તબલગ જિન અનુસરના ॥ ખતરા૦ ॥૧॥ ક્રોધ માન માયા પરિહરના, સમિતિ ગુપ્તિ ચિત્ત વરના ॥ ખતરા૦ ॥૨॥ સંવર ભાવ સદા મન ધરના, આતમ દુરગત હરના. ખતરા૦ ॥૩॥ ધન કણ કંચનકું કહો કયા કરના, આખર

એક દિન મરના ।। ખતરા૦ ।।૪।। જ્ઞાન ઉદ્યોત પ્રભુ પાએ પરના, શિવ સુંદરી સુખ વરના ।। ખતરા૦ ।।૫।।

ધન ધનરે ચોઘડીયું મારે આજનુરે, મેંતો મુખડું જોયું જિનરાજનુરે ।। ધન૦ ।।૧।। ।। ટેક ।। વાલાના વદનપર વારી કોટીક ચંદ્રમારે, પ્રભુને નિશ દીન વચ્છું છું હુંતો ખમારે ધન૦ ।।૨।। પ્રભુનું મુખડું જોતાં રઢ લાગશેરે, દુખ જનમ મરણનું ભાગશેરે ।। ધન૦।।૩।। વાલો મનના માન્યા તે સુખ આપશેરે, કરી પોતાનો અક્ષયપદ થાપશેરે ।। ધન૦ ।।૪।। ગાઓ ગીત ગ્યાન તાંન સહુ સોહામણારે, સુરસશીને સદાએ વધામણારે ।। ધન૦ ।। ૪ ।।

ધન ધન આજુનો દીન રળીઆમણોરે, સુરજ સોનાનો ઉગ્યો સોહામણોરે ।। ધન૦ ।। ટેક ।। વાહાલુ વાતા પ્રભુને ચરણે નમ્યોરે, જિનરાજ તે માહારે મન ગમ્યોરે ।। ધન૦।।૧।। નવ ગ્રહ સમાં થયા મારે આજથીરે, વળી દશા તે શ્રી જિન રાજથીરે ।। ધન૦ ।।૨।। મુખ જોતાં તે દુઃખ સરવે ગયુંરે, વાલાનુ ધ્યાન સદા ચિત્તમાં રહ્યુંરે ।। ધન૦ ।।૩।। આપી સેવા તે સુદ્ધ મનથી ખરીરે, સુરસશી ઉપર કરૂણા કરીરે ધન૦ ।।૪।।

॥ अथ श्री जिनदासजी कृतघन ॥

અરે તુમ જપો મંત્ર નવકાર, ઉનસેં ઉતરોગે ભવપાર ॥ હોય તેરી કાયાકો આધાર, સફલ કર લે અપનો અવતાર ॥ ધ્યાન તુમ મનમેં ધરો નર નાર, ખાણ દુઃખકી એ હે સંસાર॥ કરે પ્રભુ ન્યાલ આપ જિન દાસ, રાખો પ્રભુ મુઝ ચરણોંકે પાસ ॥ ૧ ॥

॥ शीखामणनी लावणी ॥

ચલ ચેતન આપ ઉઠકર અપનેં, જિનમંદિર જઇયેં ॥ કીસીકી ભુંડી ના કહિંયેં, કીસીકી બુરી ના કહીયેં ॥ ચલ૦ એ આંકણી ॥ ચરણ જિનવરકા ભેટયા ॥ ચર૦ ॥ ભવભવ સંચિત પાપ કરમ સબ,તન મનકા મેટયા॥ સુકૃત કીજેં મહારાજ ॥ સુકૃત૦ ॥ જિનવરકા ગુણ ભજ લીજેં, સમકિત અમૃત રસ પીજેં,લાભ જિન ભકિતકો લહીયેંરે ॥ લાભ૦ ॥ ચલ૦ ॥૧॥ કરોજી મત મુખસેં બડાઈ॥ કરો૦ ॥ તજ તામસ તન મનકી મમતા, સેં રેનાં ભાઈ ॥ રીતસેં બોલો, મેરી જાન ॥ રીત૦ આતમ સમતામેં તોલો, મત મરમ પારકા ખોલો, મૌન કર તન મનસેં રહીયેંરે॥ મૌન૦ ॥ ચલ૦ ॥૨॥ જોબન દિન ચાર તણો સંગીરે ॥ જોબન૦ ॥ અંત સમય ચેતન ઉઠ ચાલે,

કાયા પડિ નંગી ।। પ્રીત સબ તુટી, મેરી જાન ।। પ્રીત૦ ।। આઉખાકી ખરચી ખુટી, ચેતનસેં કાયા રૂઠી, સુખ દુઃખ આપ કિયા સહીયેંરે ।। સુખ૦ ચલ૦ ।।૩।। જગતસેં રહેનાં ઉદાસીરે ।। જગ૦ ।। પરખ્યા મેં જિનરાજ હુરો, મેરી દુરગતકી ફાંસી ।। તજો સબ ધંધા, મેરી જાન ।। તજો૦ ।। જિનવર મુખ પુનમ ચંદા, જિનદાસ તુમારા બંદા, મેરે એક જિન દર્શન ચહિયેંરે ।। મેરે૦ ।। ચલ૦ ।।૪।।

॥ अथ श्री कुंअर विजयजी कृत अष्टप्रकारी पूजा ॥

દોહા ।। ત્રિજગ નાયક તું ધણી, મહા મહોટો મહારાજ મહોટે પુણ્યેં પામિયો, તુજ દરિસણ હું આજ ।।૧।। આજ મનોરથ સવિ ફલ્યા, પ્રગટયા પુણ્ય કલોલ ।। પાપ કરમ દુર ટલ્યા, નાઠા દુઃખ દંદોલ ।।૨।। સુખ દાયી પ્રભુ તું વડો, તુજ સમ અવર ન કોય ।। કર્મ મલ દુરેં કર્યા, પામ્યા શિવ પદ સોય ।।૩।। જ્ઞાનાવરણી ક્ષય કરી, દર્શનાવરણી કર્મ ।। વેદની કર્મ દુરેં કરી, ટાલ્યું મોહની કર્મ ।।૪।। નામ કર્મ આયુ કર્મ, ગોત્ર અને અંતરાય ।। અષ્ટ કર્મ તેં એણી પરેં, દુર કર્યાં મહારાય ।।૫।। દોષ અઢારેં ક્ષય ગયા, પ્રગટયા ગુણ અનંત ।। અંતરંગ સુખ ભોગવે, નિશ્ચલ ધીર મહંત ।।૬।। કલ્પવૃક્ષને

કામ કુંભ, પુરે મનના કોડ ॥ પ્રભુ સેવાથી તે મળે, મનઇછા હોય અડોલ ॥૭॥ ત્રણ ભુવનમાં તું વડો, તુજ સમ અવર ન કોય ॥ ઇંદ્ર ચંદ્રને ચક્કવા, તુજ પદ સેવે સોય ॥૮॥ પ્રભુ સેવા ભાવેં કરે, પ્રેમ ધરી મન રંગ ॥ દુઃખ દોહગ દુરેં ટળે, પામે સુખ મન ચંગ ॥૯॥ પુજા કરતાં પ્રાણિયા, પોતેં પુજનિક હોય આ ભવ પરભવ સુખ ઘણાં, તસ તોલે નહિ કોય ॥૧૦ જી-વડા જિનવર પુજીયેં, જિન પુજ્યાં સુખ થાય ॥ દુઃખ દોહગ દુરેં ટળે, મન વંછિત ફળ થાય ॥૧૧॥ દ્રવ્ય ભાવથી અતિ ઘણો, હીયડે હર્ષ ન માય ॥ ઇણિ વિધેં જિનવર પુજતાં, પાપ કર્મ દુર જાય ॥૧૨॥

॥ अथ प्रथम जळ पूजा ॥

દોહા ॥ સુગંધમેં જળ વાસીને, જે પુજે જિનરાય ॥ તસ ત્રિભુવન જશ વિસ્તરે, દુર્ગંધતા દુર જાય ॥૧॥ મલિન વસ્તુ ઉજ્જલ કરે, એહ સ્વભાવ જળ માંય ॥ જળ શું જિનવર પુજતાં, કર્મ કલંક મિટ જાય ॥૨॥ તીર્થોદક કુંભ કરી, રત્ન પ્રમુખ શ્રીકાર ॥ અડ સહસ અડ જાતના, અથવા કલશા ચાર ॥૩॥ આઠ જાતિ કલશેં કરી, નવરાવે જિનરાય ॥ તસ ત્રિભુવન જસ વિસ્તરે, સુરપતિ સેવે પાય ॥૪॥ જ્ઞાન કળશ ભરી

આતમા, સમતા રસ ભર પુર ॥ શ્રી જિનને નવરાવતાં, કર્મ થાય ચકચુર ॥૫॥

॥ अथ द्वितीय चंदन पूजा ॥

દોહા ॥ કેશર ચંદન દ્રવ્યથી, ભાવથકી બહુ માન ॥ જિનવર અંગે ચરચતાં, પ્રગટે આતમ જ્ઞાન ॥૧॥ કેશર ચંદન ઘસી કરી, ભરી કચોલાં સાર ॥ જિનવર અંગે ચર્ચતાં, પાપ કરે પરિહાર ॥ ભાવના ચંદન અતિ ભલું, કસ્તુરી બરાસ ॥ ઇણિ વિધ જિનવર સેવતાં, પામે લીલ વિલાસ ॥૩॥ કનક કચોલાં ભરી કરી, સેવે જિનપતિ પાય ॥ દુઃખ દોહગ દુરે ટળે, મન વંછિત સુખ થાય ॥૪॥ તમ વસ્તુ સીતળ કરે, ચંદન સીતળ આપ ॥ ચંદનસેં જિન પુજતાં, મટે મોહ સંતાપ ॥૫॥ પુજાને પ્રણામ દો, કરે ચંદનકી રીત ॥ શીતલાને સુગંધતા, જેણેં ભાજે ભવ ભીત ॥૬॥

॥ अथ तृतीय धूप पूजा ॥

દોહા ॥ પાવક ગ્રહે સુગંધકું, ધુપ કહાવત સોય ॥ ઊખેવત ધુપ જિણંદકું, કર્મ દહન સમ હોય ॥૧॥ ધુપ ઉખેવત જેહ

જન; પ્રભુ આગળ બહુ માન ॥ દુર્ગંધતા દુરેં કરે, પામે અ-
મર વિમાન ॥૨॥ હુતાસનસેં કાષ્ટ જ્યું, તેમ ધ્યાનાનલ કર્મ॥
તેણેં મિસેં ધુપ પુજા કરો, જિમ પામો શિવ શર્મ ॥૩॥

॥ अथ चतुर्थ पुष्प पुजा ॥

દોહા ॥ પ્રણીધાનેં સદગતિ હોવે, પુજાયેં કિમ નવિ હોય ॥
સુમનસ ભાવેં દુર્ગતા, પુજા પંચાશક જોય ॥૧॥ શતપત્રી વર
મોઘરો, ચંપક જાઈ ગુલાબ ॥ કેતકી દમણો બોલ સિરી,
પુજો જિન ભરી છાબ ॥

ઓછવ.

ઓછવ રંગવધામણા, પ્રભુ પાસને નામે; કલ્યાણક ઓછવ કરી, ચડતે પરીણામે; સતવસ આયુ જીવીને, અક્ષય સુત સ્વામી: તુંમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી; સાચીરે ભક્તિ સાહેબા, રીઝો એક વેળા; શ્રી સુભવિર ઉરે કરી, મન વંછીત પુરે.

નમુક્કાર અણાણુ પુવ્વી.

૧					૨				
૧	૨	૩	૪	૫	૧	૨	૪	૩	૫
૨	૧	૩	૪	૫	૨	૧	૪	૩	૫
૧	૩	૨	૪	૫	૧	૪	૨	૩	૫
૩	૧	૨	૪	૫	૪	૧	૨	૩	૫
૨	૩	૧	૪	૫	૨	૪	૧	૩	૫
૩	૨	૧	૪	૫	૪	૨	૧	૩	૫
૩					૪				
૧	૩	૪	૨	૫	૨	૩	૪	૧	૫
૩	૧	૪	૨	૫	૩	૨	૪	૧	૫
૧	૪	૩	૨	૫	૨	૪	૩	૧	૫
૪	૧	૩	૨	૫	૪	૨	૩	૧	૫
૩	૪	૧	૨	૫	૩	૪	૨	૧	૫
૪	૩	૧	૨	૫	૪	૩	૨	૧	૫

૫					૬				
૧	૨	૩	૫	૪	૧	૨	૫	૩	૪
૨	૧	૩	૫	૪	૨	૧	૫	૩	૪
૧	૩	૨	૫	૪	૧	૫	૨	૩	૪
૩	૧	૨	૫	૪	૫	૧	૨	૩	૪
૨	૩	૧	૫	૪	૨	૫	૧	૩	૪
૩	૨	૧	૫	૪	૫	૨	૧	૩	૪
૭					૮				
૧	૩	૫	૨	૪	૨	૩	૫	૧	૪
૩	૧	૫	૨	૪	૩	૨	૫	૧	૪
૧	૫	૩	૨	૪	૨	૫	૩	૧	૪
૫	૧	૩	૨	૪	૫	૨	૩	૧	૪
૩	૫	૧	૨	૪	૩	૫	૨	૧	૪
૫	૩	૧	૨	૪	૫	૩	૨	૧	૪
૯					૧૦				
૧	૨	૪	૫	૩	૧	૨	૫	૪	૩
૨	૧	૪	૫	૩	૨	૧	૫	૪	૩
૧	૪	૨	૫	૩	૧	૫	૨	૪	૩
૪	૧	૨	૫	૩	૫	૧	૨	૪	૩
૨	૪	૧	૫	૩	૨	૫	૧	૪	૩
૪	૨	૧	૫	૩	૫	૨	૧	૪	૩

૧૧					૧૨				
૧	૪	૫	૨	૩	૨	૪	૫	૧	૩
૪	૧	૫	૨	૩	૪	૨	૫	૧	૩
૧	૫	૪	૨	૩	૨	૫	૪	૧	૩
૫	૧	૪	૨	૩	૫	૨	૪	૧	૩
૪	૫	૧	૨	૩	૪	૫	૨	૧	૩
૫	૪	૧	૨	૩	૫	૪	૨	૧	૩
૧૩					**૧૪**				
૧	૩	૪	૫	૨	૧	૩	૫	૪	૨
૩	૧	૪	૫	૨	૩	૧	૫	૪	૨
૧	૪	૩	૫	૨	૧	૫	૩	૪	૨
૪	૧	૩	૫	૨	૫	૧	૩	૪	૨
૩	૪	૧	૫	૨	૩	૫	૧	૪	૨
૪	૩	૧	૫	૨	૫	૩	૧	૪	૨
૧૫					**૧૬**				
૧	૪	૫	૩	૨	૩	૪	૫	૧	૨
૪	૧	૫	૩	૨	૪	૩	૫	૧	૨
૧	૫	૪	૩	૨	૩	૫	૪	૧	૨
૫	૧	૪	૩	૨	૫	૩	૪	૧	૨
૪	૫	૧	૩	૨	૪	૫	૩	૧	૨
૫	૪	૧	૩	૨	૫	૪	૩	૧	૨

૧૭					૧૮				
૨	૩	૪	૫	૧	૨	૩	૫	૪	૧
૩	૨	૪	૫	૧	૩	૨	૫	૪	૧
૨	૪	૩	૫	૧	૨	૫	૩	૪	૧
૪	૨	૩	૫	૧	૫	૨	૩	૪	૧
૩	૪	૨	૫	૧	૩	૫	૨	૪	૧
૪	૩	૨	૫	૧	૫	૩	૨	૪	૧

૧૯					૨૦				
૨	૪	૫	૩	૧	૩	૪	૫	૨	૧
૪	૨	૫	૩	૧	૪	૩	૫	૨	૧
૨	૫	૪	૩	૧	૩	૫	૪	૨	૧
૫	૨	૪	૩	૧	૫	૩	૪	૨	૧
૪	૫	૨	૩	૧	૪	૫	૩	૨	૧
૫	૪	૨	૩	૧	૫	૪	૩	૨	૧

જંછમ્માસિઅ વરિસિઅ, તવ્વેણ તિવ્વેણ જિજ્જએ પાવં ॥ નમુક્કાર અણાણુ પુવ્વી, ગુણણેણ તયં ખણદ્ધેણ ॥ ૧ ॥

આશ્રય પત્ર.

નકલ	નામ
૧૦	રા. રા. મોહનલાલ હેમચંદ
૧૦	શા. પોપટલાલ ગોકળદાસ
૧૦	શા. વાડીલાલ જેઠા
૫	બુકસેલર ભીખાભાઈ
૫	શા. પરશોતમ કસ્તુરચંદ
૪	શા. નથુ માનચંદ
૩	શા. વનાજી જેઠમલ
૩	શા. માધજી તલકચંદ
૨	એમચંદ નાનચંદ
૨	શા. જેઈતારામ મોતીચંદ
૨	શા. હીરાચંદ
૨	શા. ગીરધર શામળદાસ
૨	શા. ગોકળ હરખચંદ
૨	શા. નગીનદાસ મોતીચંદ
૨	શા. કાળીદાસ મંછારામ
૧	શા. વાડીલાલ એમચંદ
૧	શા. મોહનલાલ અનોપચંદ
૧	શા. ચુનીલાલ દેવચંદ
૧	શા. ભુરાભાઈ મોતીચંદ
૧	શા. મંગળદાસ સરૂપચંદ
૧	શા. ભોગીલાલ હીરાચંદ
૧	શા. છોટાલાલ છગનલાલ
૧	શા. હાલા હરગોવનદાસ
૧	શા. લલુ નાગરદાસ
૧	શા. જેઠાભાઈ ફુલચંદ

નકલ	નામ
૧	શા. જેઈતારામ રતનચંદ
૧	શા. પુનેમચંદ પરભુદાસ
૧	શા. હાથીભાઈ છગન
૧	શા. દલસુખ દોલત
૧	શા. પ્રેમચંદ પરશોતમ
૧	શા. ગોકળદાસ જમનાદાસ
૧	શા. છગનલાલ દોલતરામ
૧	શા. ડાહ્યાભાઈ હઠીસંઘ
૧	ભોગીલાલ તારાચંદ ઝવેરી
૧	શા. વાડીલાલ પ્રેમચંદ
૧	શા. જેશંગ શવચંદ
૧	શા. ધરમચંદ શવચંદ
૧	શા. કાળીદાસ ગોકળ
૧	શા. જેસંઘ ખુશાલ
૧	શા. ભાઈચંદ તારાચંદ
૧	શા. હીરાચંદ લાલદાશ
૧	શા. નગીનદાશ વખતચંદ
૧	શા. મયાભાઈ પ્રેમાભાઈ
૧	શા. મંગળદાસ વાઘજી
૧	શા. દલસુખ હુકમચંદ
૧	શા. ફતેચંદ મનસુખ
૧	શા. છગનલાલ ઇચ્છારામ
૧	શા. પરશોતમ કુબેર
૧	શા. મોકમ લખમીચંદ
૧	શા. ચકુભાઈ નગીનદાસ

૧ શા. ફકીરચંદ દોલત
૧ શા. નાથાભાઈ લવજી
૧ શા. જોઈતરામ ડુંગરશી
૧ શા. ડાહ્યાભાઈ હીમચંદ
૧ શા. છગનલાલ સુરચંદ
૧ શા. શરૂપચંદ છોટાલાલ
૧ શા. ધરમચંદ મોકમ
૧ શા. કેશવલાલ છોટા
૧ શા. માણેકચંદ ગુલાબચંદ
૧ શા. ચતુરજી હકમજી
૧ શા. મુળચંદ રાયચંદ
૧ શા. વાડીલાલ લલુભાઈ
૧ શા. નાથાભાઈ ભગુભાઈ
૧ શા. ખેમચંદ મુળચંદ
૧ શા. લલુભાઈ કેવળ
૧ શા. વાડીલાલ જમનાદાસ
૧ શા. માહાસુખ મનસુખ
૧ શા. કશળચંદ વછરાજ
૧ શા. વાડીલાલ કાળીદાશ
૧ શા. લખમીચંદ ડુંગરશી
૧ શા. મોહનલાલ તરભોવન
૧ શા. વીરચંદ દેવચંદ
૧ શા. રાજારામ ફુલચંદ
૧ શા. લખમીચંદ લાલચંદ
૧ શા. મગન દોલત
૧ શા. મોતીલાલ રતનચંદ
૧ શા. પરશોતમ કીલાભાઈ
૧ શા. વાડીલાલ અમથાચંદ
૧ શા. જેસંઘ દામોદર
૧ શા. જેસંઘ હઠીસંઘ
૧ શા. ગોકળભાઈ ફતેભાઈ
૧ શા. પ્રેમાભાઈ હીરાભાઈ
૧ શા. લલુભાઈ માણેકચંદ
૧ શા. વાડીલાલ તરભોવન
૧ શા. ચુનીલાલ ઉજમશી
૧ શા. હરીલાલ દલસુખ
૧ શા. છોટાલાલ લલુભાઈ
૧ શા. હરીલાલ છગન
૧ શા. પીતાંબર
૧ શા. મોતીલાલ નગીનદાશ
૧ શા. પ્રેમચંદ કેશવ
૧ શા. મોકમ દીપચંદ
૧ શા. જેસંઘ દલપત
૧ શા. મોહન હરખચંદ
૧ શા. ધોળીદાસ દોલત
૧ શા. હરીલાલ છોટાલાલ
૧ શા. કેશવલાલ જેસંઘ
૧ શા. કીકા દોલા
૧ શા. મનસુખ પાનાચંદ
૧ શા. ડાહ્યાભાઈ પ્રેમચંદ
૧ શા. છોટાલાલ મંછારામ
૧ ગાંધી ભગુભાઈ લવજી
૧ શા. શોભા હઠીભાઈ
૧ શા. ચુનીલાલ હરખચંદ
૧ શા. છગન નથુ
૧ શા. મોહન ગોકળ
૧ શા. હીરાલાલ મુળચંદ
૧ શા. હઠીસંઘ મોતીચંદ

૧ શા. છગનલાલ ચકુ
૧ શા. ભોગીલાલ મગન
૧ શા. મુળચંદ ગુલાબ
૧ શા. ચંદુલાલ ભગુભાઈ
૧ દોશી કાળીદાશ સુરચંદ
૧ શા. મોકમલાલ ઉમેદ
૧ શા. કચરા કાઉસા
૧ શા. નાથા માણેકચંદ
૧ શા. વાડીલાલ છગન
૧ શા. પીતાંબર વીરચંદ
૧ શા. લલુ નગીન
૧ શા. મોકમલાલ છગન
૧ શા. છોટાલાલ ફુલચંદ
૧ શા. નથુ રાયચંદ
૧ શા. બાળીદાશ તારાચંદ
૧ શા. ભટા કપુરચંદ
૧ શા. કાળીદાસ માણેકચંદ
૧ શા. મોતીલાલ ગગલ
૧ શા. ઘેલા જેઠા
૧ શા. ડાહ્યા નગીન
૧ શા. હડીસંઘ નગીન
૧ શા. દલસુખ બહેચર
૧ શા. હકમચંદ રવચંદ
૧ શા. નગીન લાલદાસ
૧ શા. મુળચંદ ગુલાબચંદ
૧ શા. લલુ દલપત
૧ શા. લલુ દોલત
૧ શા. ચુનલાલ એમચંદ
૧ શા. મોહેલાલ દીપચંદ
૧ શા. લખમીચંદ રૂપચંદ
૧ શા. નથુ છગન
૧ શા. મોહનલાલ લલુ
૬ શા. બાલા છગન
૧ શા. કાળીદાસ નગીન
૧ શા. કેવળ સાંકળચંદ
૧ શા. તુળજારામ ચુનીલાલ
૧ શા. મયાચંદ લખમીચંદ
૧ શા. ચુનીલાલ નગીન
૧ શા. મગન લલુ
૧ શા. પોપટ હેમચંદ
૧ શા. માણેકચંદ નથુ
૧ શા. છોટા નગીન
૧ શા. પ્રેમચંદ કરમચંદ
૧ શા. લલુ ઝવેર
૧ શા. ડાહ્યા ચકલ
૧ શા. ડોશા સાંકળચંદ
૧ શા. મોતીલાલ દોલત
૧ શા. હીરાલાલ મનસુખ
૧ શા. ડુંગર રતનચંદ
૧ શા. મોતીલાલ હીમચંદ
૧ શા. ભોગીલાલ બાલાભાઈ
૧ શા. છગનલાલ રણછોડ
૧ શા. ભોગીલાલ લલુ
૧ શા. મણીલાલ હીમત
૧ શા. ચંદુ રતનચંદ
૧ શા. ચંદુલાલ ડાહ્યાભાઈ
૧ શા. ભીખાભાઈ નગીનદાસ
૧ શા. ફતેચંદ છગન

૧ શા. મોતીચંદ માણેક
૧ શા. દલસુખ હીરાચંદ
૧ શા. ચકુભાઈ પરશોતમ
૧ શા. મણીલાલ ગટા
૧ શા. જેસંગ મોહન
૧ શા. વાડીલાલ મોકમ
૧ શા. બાલુજી મોતી
૧ શા. પ્રેમચંદ સુરેચંદ

સભાનાં નામ.

૧ ચંદુલાલ સુખરામ દલાલ
૧ શા. ચંદુ લલુ ઝવેરી
૧ શા. શોદાગર મોહનલાલ
૧ શા. કેશવલાલ ઘેલાભાઈ
૧ શા. સુરજરામ મનસુખ
૧ શા. મયાભાઈ પ્રેમચંદ
૧ શેઠ. કેશવલાલ વાડીલાલ
૧ શા. તીકમલાલ મોતીલાલ
૧ શા. વાડીલાલ સારાભાઈ
૧ શા. લાલભાઈ ફકીર

ખેડા.

૧ શા. જેઠાલાલ મુળચંદ
૧ શા. ચુનીલાલ ડાહ્યાભાઈ
૧ શા. માણેકચંદ દીપચંદ
૧ શા. નથુ ફુલચંદ
૧ શા. સાંકળચંદ ઉજમશી
૧ વકીલ મુળચંદ જીવણ
૧ શા. મગનલાલ હરગોવન
૧ શા. મુનશી કરમશી
૧ શા. કુંવરજી રતનશી
શા. મોસનલાલ માહાસુખ
શા. ચંદુલાલ દલસુખરામ
શા. મગનલાલ હકમચંદ



જાહેર ખબર.

આ ચોપડી અમદાવાદમાં દોસીવાડાની પોળમાં ગોસાંઈજી માહારાજના મંદીર આગળ સા. છોટાલાલ છગનલાલને ત્યાંથી મળશે. જેઓને જોઈએ તેને પોસ્ટેજ કાગળ લખી મોકલવો. ટપાલ ખરચ જુદું આપવું પડશે. સામટી લેનારને કીફાયતથી મળશે તથા જૈનપ્રકાશ સ્તવનાવળી પણ અમારી પાસેથી મળશે. આ ચોપડીઓ ઝવેરીવાડામાં સુરજમલ શેઠના ડેહેલા આગળ સા. બાપાલાલ દોલતરામને ત્યાંથી પણ મળશે.

શા. છોટાલાલ છગનલાલ સહી.